

સાબરકાંઠા જિલ્લા પોલીસ દ્વારા બુધવારે પોલીસ સંભારણા દિન નિમિતે વર્ષ ફરજ દરમ્યાન શહીદ થયેલ ૨૬૪ પોલીસ જવાનોને હિંમતનગરમાં પોલીસ હેડક્વાર્ટસ ખાતે આવેલ શહીદ સ્મારક પર પુષ્પાંજલિ અર્પણ કરી તેઓને સ્મરણ કરવામાં આવેલ.તો તે નિમિતે સલામી પરેડ પણ કરવામાં આવી હતી તો જીલ્લા પોલીસ વડા ચૈતન્ય માંડલિક,હેડક્વાર્ટસ નાયબ પોલીસ અધિક્ષક મીનાક્ષી પટેલ,એસઓજી પીઆઈ વાય.જે.રાઠોડ,એલસીબી પીઆઈ એમ.ડી.ચંપાવત સહીત અધિકારીઓ અને જવાનો પુષ્પાંજલિ અર્પી હતી તો પોલીસ શહીદ દિવસ નિમિતે ફાળો પણ આપ્યો હતો.

# અંબાજી ખાતે આવતીકાલે સુવિધાસજ્જ નવિન સરકીટ હાઉસનુ લોકાર્પણ

### માર્ગ અને મકાન વિભાગ દ્વારા ૧૫ કરોડના ખર્ચથી નિર્માણ પામેલ અતિથિગૃહ અંબાજી યાત્રાધામની સુવિધામાં વધારો કરશે

અંબાજી, તા. ૨૧

આવતીકાલ તા. ૨૩ ઓક્ટોબર-૨૦૨૦, શુક્રવારના રોજ પ્રસિધ્ધ યાત્રાધામ અંબાજી મુકામે નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલના હસ્તે અદ્યતન સુવિધાસજ્જ નવીન સર્કિટ હાઉસનું લોકાર્પણ કરવામાં આવશે. વિશ્વ પ્રસિધ્ધ યાત્રાધામ અંબાજીનો દિન-પ્રતિદિન ખુબ ઝડપથી વિકાસ થઈ રહ્યો છે અને યાત્રાળુઓની સંખ્યામાં પણ સતત વધારો થઈ રહ્યો છે ત્યારે રાજ્યના માર્ગ અને મકાન વિભાગ દ્વારા રૂ. ૧૫ કરોડના ખર્ચથી નિર્માણ પામેલ નવીન અતિથિગૃહ અંબાજી યાત્રાધામની સુવિધામાં વધારો કરશે.





અંબાજી મુકામે કુલ ૨૭ રૂમની સુવિધાવાળા આ અતિથિ ગૃહમાં ૩ વી.વી.આઈ.પી. રૂમ, ૬ વી.આઈ.પી. રૂમ, ૮ ડબલ બેડના ડીલક્ષ રૂમ, ૬ સીંગલ બેડના ડીલક્ષ રૂમ, ૩ પાંચ બેડના ડોરમેટ્રી રૂમ અને ૧ દસ બેડના ડોર મેટ્રી રૂમનો સમાવેશ થાય છે. આ ઉપરાંત રીસેપ્શન, પ્રતિક્ષા કક્ષ, કોન્ફરન્સ રૂમ, ઓફિસ રૂમ, વી.આઈ.પી. ડાયનીંગ રૂમ, જનરલ ડાયનીંગ રૂમ, ટોયલેટ, સ્ટોર રૂમ, રસોડું, ફુલ ફર્નિચર, એ.સી. અને લીફ્ટ સહિતની સુવિધા સાથે કુલ ૩૭૬૬.૭૫ ચો.મી. વિસ્તારમાં બાંધકામ કરી આધુનિક સુવિધાઓથી સજ્જ અતિથિગૃહ બનાવાયું છે તેમ બનાસકાંઠા જિલ્લા માર્ગ અને મકાન વિભાગના કાર્યપાલક ઈજનેર એમ.એમ. પંડ્યાએ જણાવ્યું છે.

# પાલનપુર સિવિલ હોસ્પિટલના કોરોના વોરિયર્સ ડૉ.ગીતાબેન પટેલનું નિધન

પાલનપુર સિવિલ હોસ્પિટલમાં કોરોના વોરિયર્સ તરીકે ફરજ બજાવતા લાઈઝન ઓફિસર ર્ડા. ગીતાબેન પટેલ કોરોના સામેનો જંગ હારી જતા આજે તેઓનું દુઃખદ નિધન થયું હતું.



પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ક્લાસ વન તરીકે ફરજ બજાવતા ડો. ગીતાબેન પટેલ ઈમ્યુનોકોમ્પ્રોમાઈઝ ઉપરાંત બીજી ઘણી શારીરિક તકલીફ હોવા છતાં એક સૈનિકની જેમ નિષ્ઠાથી કોરોના વોરિયર્સ તરીકે ફરજ બજાવતા હતા. જોકે, તેઓ ખુદ કોરોના સંક્રમણનો ભોગ બનતા તેઓ ગાંધીનગરની એપોલો હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યા હતા. જ્યાં તેઓ કોરોના સામેનો જંગ હારી જતા આજે તેઓનું મોત નિપજતા સિવિલ હોસ્પિટલના સ્ટાફ સહિતના આરોગ્યકર્મીઓ અને તબીબી આલમે ઘેરા શોકની લાગણી અનુભવી છે.

કોરોના મહામારી સામે દેશ અને દુનિયામાં જંગ ચાલી રહ્યો છે. ત્યારે પાલનપુરના એક એવા મહિલા ર્ડાકટર ગીતાબેન પટેલ કે જેમને પોતાને ઘણીબધી શારીરિક તકલીફો હોવા છતાં છેલ્લા ૬ મહિનાથી કોરોના સામેના જંગમાં યોધ્ધા બનીને દિવસ, રાત મહેનત કરી રહ્યા હતા.

જેઓ ખુદ કોરોનાગ્રસ્ત થતા તેઓને સારવાર અર્થે ગાંધીનગરની એપોલો હોસ્પિટલમાં ખસેડાયા હતા. જ્યાં તેઓનું આજે મોત નિપજ્યું હોવાનું પાલનપુર સિવિલ સર્જન ડો.ભરત મિસ્ત્રીએ જણાવ્યું હતું. જેઓને અગાઉના કલેકટર સંદીપ સાંગલેએ પણ કોરોના વોરિયર્સ તરીકે સન્માનિત કર્યા હતા.

# મોડાસામાં સવારે ભંગાર વીણવાનું અને રાત્રે ચોરીની ઘટનાને અંજામ આપતી કાલબેલિયા ગેંગનો સાગરીત ઝડપાયો

મોડાસા, તા. ૨૧

અરવલ્લી જીલ્લામાં ઘરફોડ ચોરીના ગુન્હાઓમાં નોંધપાત્ર વધારો થઈ રહ્યો છે. મોડાસા શહેરમાં દિવસે થ્રિ-વ્હીલર ટ્રોલી મોટર સાયકલ લઈ ભંગાર વીણવા નીકળી રાત્રે ચોરીની ઘટનાને અંજામ આપતી કાલબેલિયા ગેંગના સાગરીતને કુમકુમ પાર્ટી પ્લોટ પાછળથી ચોરી કરેલ ફ્રિજ અને એસીના કોમ્પ્રેસર અને આઉટડોર એસી સાથે પ્રેમનાથ નાથુલાલ કાલબેલિયાને ઝડપી પાડી મોડાસા કોલેજ રોડ પર આવેલ લાલા કુલિંગ અને સાગર એસી ફ્રીજ રીપેરીંગ નામની દુકાનમાં થયેલ ચોરીનો ભેદ ઉકેલી નાખી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી કાલબેલિયા ગેંગના અન્ય સાગરીતોની ચોરીમાં સંડોવણી અંગે વધુ તપાસ હાથ ધરી હતી.

મોડાસા શહેરના કોલેજ રોડ પર આવેલ લાલા કુલિંગ અને ફ્રિજ એસી રીપેરીંગ નામની દુકાન આગળ મુકેલ એસી અને ફ્રિજના કોમ્પ્રેસર અને એસી આઉટડોરની ચોરીની ઘટના બનતા આ અંગે મોડાસા ટાઉન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ હતી. આ અંગે ટાઉન પોલીસે સીસીટીવી કેમેરા અને બાતમીદારોને સક્રિય કરી ચોરીના ગુન્હાનો ભેદ ઉકેલવા ઝીણવટભરી તપાસ હાથ ધરી હતી. જેમાં દિવસ દરમિયાન મોડાસા શહેરમાં થ્રિ-વ્હીલર ટ્રોલી મોટર સાયકલ લઈ ભંગાર વીણવા નીકળતી કાલબેલિયા ગેંગની સંડોવણી બહાર આવતા પોલીસે શહેરમાં ભંગાર વીણવા નીકળતી ગેંગનું પગેરું દબાવ્યું હતું અને મોડાસા શહેરના મેઘરજ રોડ પર આ ગેંગે પડાવ નાખ્યો હોવાની બાતમી મળતા મેઘરજ રોડ પર આવેલ કુમકુમ પાર્ટી પ્લોટ પાછળથી કાલબેલિયા ગેંગના પ્રેમનાથ નાથુલાલ કાલબેલિયા (રહે. બાંસગામ, ઉદેપુર-રાજસ્થાન) ઝડપી પાડી ચોરી કરેલ એસી ફ્રિજના કોમ્પ્રેસર અને એસીનું આઉટડોર મળી રૂ.૨૯૦૦૦ અને થ્રિ-વ્હીલર ટ્રોલી મોટર સાયકલ મળી કુલ રૂ. ૭૯૦૦૦નો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.



# અરવલ્લીમાં ખાખીને ખુલ્લી ચેલન્જ આપતા તસ્કરો

### મોડાસા બાયપાસ રોડ પર આવેલ પોલીસલાઈનમાં ખાતર પાડ્યું, બંધ ક્વાટર્સમાંથી ૧.૮૯ લાખની ચોરી

મોડાસા, તા. ૨૧

અરવલ્લી જીલ્લામાં નવનિયુકત સંજય ખરાતના આગમન પછી ઘરફોડ ચોરી લૂંટની ઘટનાઓમાં ઘટાડો થયા બાદ ફરીથી જીલ્લામાં તસ્કરો અને ઘરફોડિયા ગેંગના આંટાફેરા વધી ગયા છે. જીલ્લામાં ઘરફોડ ચોરીની ઘટનાઓ બનતી હોય છે જો કે તસ્કર ટોળકી હિંમત ખુલી ગઈ હોય એમ મોડાસા સહયોગ બાયપાસ રોડ પર આવેલ પોલીસલાઈનમાં ત્રાટકી બંધ ક્વાટર્સમાંથી ૧.૮૯ લાખની ચોરી કરી તસ્કર ટોળકી જાણે ખાખીને ખુલ્લી ચેલેન્જ આપી રહી હોય એવું લોકો અહેસાસ અનુભવી રહ્યા છે ખુદ પોલીસ ક્વાટર્સ જ સલામત ન હોય તો સામાન્ય પ્રજાના માલ-જાનની રક્ષા કોને ભરોશે સહીતની ચર્ચાએ જોર પકડ્યું છે. ચોરીનો ભોગ બનેલ પોલીસકર્મીએ મોડાસા ટાઉન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા ટાઉન પોલીસે ચોરીનો ભેદ ઉકેલવા તપાસ હાથધરી છે પોલીસ ક્વાટર્સમાં ચોરી થતા કોઈ જાણભેદુએ ચોરીની ઘટનામાં સંકળાયેલ હોય તેવી માહિતી પોલીસસુત્રો પાસેથી પ્રાપ્ત થઈ હતી.

મોડાસા ટાઉન પોલીસ સ્ટેશનમાં જીઆરડી હેડ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા અને મોડાસા સહયોગ ચોકડી નજીક આવેલ પોલીસલાઈન ક્વાટર્સમાં રહેતા વદનસિંહ મગનજી ઝાલા તેમના પરિવાર સાથે રહે છે તેમનો પરિવાર વતનમાં સામાજિક કામકાજ અર્થે ગયેલ હોવાથી પોલીસકર્મી વદનસિંહ સોમવારે તાજેતરમાં જીઆરડી ભરતી પ્રક્રિયામાં પસંદગી પામેલ યુવકોના ડ્રેસના રૂપિયા ૧૪૭૬૦૦ અને અને અંગત બચત રૂ.૪૨૦૦૦ ઘરમાં રહેલ સરકારી પેટી અને કબાટમાં મૂકી રાત્રે નોકરી પુરી કરી ક્વાટર્સને લોક મારી વતનમાં ગયા હતા બંધ ક્વાટર્સમાં રાત્રીના સુમારે તસ્કરો ત્રાટકી ક્વાટર્સનું તાળું તોડી ઘરમાં પ્રવેશી ઘરમાં રહેલી સરકારી પેટીનું તાળું તોડી પેટીમાં રહેલા ૧૮૯૬૦૦ રોકડા રૂપિયાની ચોરી કરી તસ્કરોએ બાજુમાં રહેલ અન્ય પોલીસકર્મીના મકાનનો નકુચો તોડી તિજોરી તોડવાનો પ્રયત્ન કર્યો હતો પણ તિજોરીનું લોક ન તૂટતાં વધુ ચોરી અટકી ગઈ હતી પોલીસલાઈનમાં ચોરીની ઘટના બનતા પોલીસકર્મીઓ પણ ચોકી ઉઠ્યા હતા આખરે પોલીસકર્મી વદનસિંહ ઝાલાએ મોડાસા ટાઉન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે અજાણ્યા ઈસમો સામે ચોરીનો ગુન્હો નોંધી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

પોલીસલાઈનમાં ચોરીની ઘટનાના પગલે ભારે ખળભળાટ મચ્યો છે પોલીસકર્મી ખુદ સલામત ન હોવાથી જાણે તસ્કરો અને ઘરફોડ ચોરી કરનાર ગેંગ ખાખી પર હાવી થઈ રહી હોવાનું લોકમુખે ચર્ચાઈ રહ્યું છે.

# ડીસાની મુકબધીર સગીરાની હત્યાને મુસ્લિમ સમાજે વખોડી

ડીસાની બાર વર્ષીય મુકબધીર સગીરાને તેના કૌટુંબિક નરાધમ ભાઈએ દુષ્કર્મ આચરી દાંતીવાડાના ભાખર ગામે તેનું ગળું કાપી કુર હત્યા કરવામાં આવી હતી. જે જઘન્ય ઘટનાના તમામ સમાજમાં તીખા પ્રત્યાઘાતો પડવા પામ્યા છે. કાળજું કંપાવતી આ ઘટનાને લઈ ચોમેરથી આરોપીઓને કડકમાં કડક સજાની માંગ ઉઠવા પામી છે. જે અંગે ડીસા મુસ્લિમ સમાજે પણ એકસુરે આ અમાનવીય બનાવને વખોડયો હતો. આ અંગે સૈયદ હસનઅલી બાવાએ જણાવ્યું હતું કે દીકરી ગમે તે સમાજની હોય પરંતુ આવા આરોપીઓને માનવતાના નાતે પણ સખતમાં સજા આપવી જોઈએ .જેથી કરીને બીજા તેમાંથી નશીયત લે. જ્યારે ડીસાના ફિલ્મ અભિનેતા અને સમાજસેવક તારિક સોલંકીએ પણ જણાવ્યું હતું કે આવા આરોપીઓને ગામ વચ્ચે જાહેરમાં ફાંસી આપવી જોઈએ. તેમાં સુર પુરાવતા અગ્રણી વેપારી હાજી પરવેઝ ભાઈ શેખે પણ આ બનાવને વખોડી આરીપીઓને જાહેરમાં ફાંસી આપવાની માંગ કરી હતી. જયારે આરોપીઓને કડકમાં કડક સજા થાય અને દીકરીઓ પર થતા અત્યાચાર રોકવામાં આવે તેવી માંગ ડીસાના કોર્પોરેટર સાદીકભાઈ કુરેશીએ કરી હતી. આમ ડીસાના સમસ્ત મુસ્લિમ સમાજે આ બનાવને વખોડી આરોપીઓને જાહેરમાં ફાંસી આપવાની માંગ કરી હતી.



## ધાનેરા નગરપાલિકામાં નવા ચેરમેનોએ ચાર્જ સંભાળ્યો

ધાનેરા નગરપાલિકા દ્વારા નગરપાલિકાની વિવિધ સમિતિમાં ચેરમેન ની નિમણુંક કરવામાં આવી હતી જેથી આજે આ તમામ ચેરમેન શ્રી ઓ એ ચાર્જ સંભાળ્યો હતો જેમાં બાંધકામ સમિતિમાં હનિફાબેન બચુભાઈ બેલીમ કારોબારી સમિતિમાં હરજીભાઈ ચમનાભાઈ સોલંકી પાણી પુરવઠા સમિતિમાં અંબાબેન જયંતીભાઈ બોધુ સહિતના વિવિધ ચેરમેનો આજે વિધિવત રીતે ચાર્જ સંભાળ્યો હતો તો બીજી તરફ ધાનેરાના ધારાસભ્ય સહિત ધાનેરા શહેર કોંગ્રેસ પ્રમુખ હરિસિંહરાજપુત બળવંતભાઈ બારોટ જયેશભાઈ સોલંકી સહિત કોંગ્રેસના અગ્રણીઓ હાજર રહ્યા હતા અને નવા ચેરમેન શ્રી ઓને શુભકામના પાઠવી હતી તો બીજી તરફ ધાનેરા નગરપાલિકાના પ્રમુખ જગલબેન કાનાજી ઠાકોર અને ઉપપ્રમુખ શ્રી એ પણ આ તમામ ચેરમેનશ્રીઓનું શાલ ઓઢાળી સન્માન કર્યું હતું તેમ જ શુભકામનાઓ પાઠવી હતી.

# ડીસામાં ટ્રેનની ટક્કરે મહિલાનું મોત

ડીસા, તા. ૨૧

ડીસામાં બુધવારે સવારે ટ્રેનની ટક્કરથી મહિલાનું મોત થયુ છે. જોકે મહિલા ટ્રેનની અડફેટે કેવી રીતે આવ્યા ? તે હજી સુધી બહાર નથી આવ્યુ છે. આ તરફ ઘટનાની જાણ થતાં ડીસા રેલ્વે પોલીસ અને ૧૦૮ મોબાઈલ વાનની ટીમ ઘટના સ્થળે પહોંચી હતી. બનાસકાંઠા જીલ્લાના ડીસા રેલ્વે સ્ટેશનમાં ટ્રેનની ટક્કરે મહિલાનું મોત થયાનું સામે આવતાં અરેરાટી મચી ગઈ છે. ટ્રેનની ટક્કરે મોતને ભેટનાર ૫૫ વર્ષિય મહિલાની હજી સુધી ઓળખ થઈ શકી નથી.

# મોડાસા નજીકથી રીઢા પશુ ચોરને દબોચતી ટાઉન પોલીસ

મોડાસા નગરપાલિકા વિસ્તારમાં આવેલ ચાંદ ટેકરી અને રાણાસૈયદ વિસ્તારમાં કેટલાક અસામાજીક તત્ત્વોને પગલે બંને વિસ્તાર પશુ ચોરી માટે બદનામ બન્યા છે. અરવલ્લી જીલ્લા સહીત ઉત્તર ગુજરાત અને પાડોશી રાજ્ય રાજસ્થાન સુધી પશુ ચોરી માટે પંકાયેલ કેટલાક શખ્સો હવે પશુ ચોરીમાં રીઢા ગુન્હેગાર બની ગયા છે. છાસવારે પશુ ચોરીની ઘટનાઓમાં ચાંદટેકરી અને રાણાસૈયદ વિસ્તારના લોકોના નામ પોલીસ ચોપડે નોંધાઈ રહ્યા છે. મોડાસા ટાઉન પોલીસે ચાંદટેકરી ચાર રસ્તા પરથી પશુ ચોરીના ગુન્હામાં નાસતો ફરતા રીઢા ગુન્હેગાર ફારૂક પીરૂ મુલતાનીને પોકેટ કોપ મોબાઈલની મદદથી દબોચી લઈ કાર્યવાહી હાથ ધરી હતી.

ટાઉન પીઆઈ સી.પી. વાઘેલા અને તેમની ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે કુખ્યાત પશુ ચોર ફારૂક પીરૂ મુલતાની મોડાસા બાયપાસ રોડ ચાંદટેકરી નજીક પાસે આવવાનો હોવાની બાતમી મળતા પી.આઈ. વાઘેલા અને તેમની ટીમે ચાંદટેકરી ચાર રસ્તા પર વોચ ગોઠવી દીધી હતી. બાતમી આધારિત શખ્સ આવતા પી આઈ વાઘેલાએ ઝડપી લઈ ઈ-ગુજકોપ પોકેટ કોપ મોબાઈલની મદદથી રેકર્ડ પર ખાત્રી કરી પશું તસ્કરીના આ રીઢા આરોપીને ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી જેલના સળિયા પાછળ ધકેલી દીધો હતો.

# ધાનેરા નગરપાલિકામાં વર્ષોથી અડ્ડો જમાવીને બેઠેલા હંગામી ઓવરશિયર પર કોની મહેરબાની ?

ધાનેરા નગરપાલિકામાં ઓવરશીયર તરીકે ફરજ બજાવતા અને જે હાલ વર્ષોથી એક જ જગ્યા પર કોની મહેરબાનીથી અડ્ડો જમાવીને બેઠા છે આ ઓવરશિયર ૧૧ મહિનાના કરાર મુજબ રાખવામાં આવેલ હતા છતાં તેમને છેલ્લા દસ વરસથી રિપીટ કરવામાં આવી રહ્યા છે અત્યારે હાલ નગરપાલિકામાં સરકારી એન્જીનિયર હોવા છતાં આ ઓવરશિયર તરીકે ફરજ બજાવતા આ ભાઈ પર કોની મહેરબાની છે લોકોમાં ચર્ચાઈ રહ્યું છે ખરેખર સરકારની બે થી ત્રણ વર્ષ પછી તે કર્મચારીની બદલી કરતાં હોય છે પરંતુ આ ટેપ્પરરી ઓવરશિયર સાહેબ છેલ્લા દસ વર્ષથી ધાનેરામાં એક જ જગ્યા પર કામ કરી રહ્યા છે તેમના મળતિયાઓ ની જોડે બાપુશાહી ચલાવી રહ્યા છે? કેરીના રસની જેમ ચુસી રહ્યા છે દુનિયા જાય તેલ લેવા તેવી નીતિ રાખી મળતિયાઓ જોડે મળીને કામગીરી કરી રહ્યા છે આલીયા માલીયા અને જમલીયા ની ટીમો માં સાથે રહીને ઓવરશિયર સાહેબ ને મોજ પડી ગઈ છે આ ઓવરશિયર સાહેબ ના કરેલ કામોની તપાસ કરવામાં આવે તો મોટા કૌભાંડ બહાર આવે તેવું લોક મુખે ચર્ચાઈ રહ્યું છે? પરંતુ સત્તાના આગળ પ્રજાનું ચાલતું નથી પરંતુ આ સાહેબ ને બધુ ચાલે છે અને આ ટેમ્પરરી ઓવરશિયર સાહેબનાં કરેલ કામોની તપાસ કરવામાં આવે તેવી લોકોની માંગ છે.




## ધાનેરામાં ડ્રગ્સ ઇન્સ્પેક્ટર દ્વારા મેડિકલ પર દરોડા, મેડિકલ ધારકોમાં ફફડાટ

બનાસકાંઠા જિલ્લાના ધાનેરામાં કેટલાક ફાર્માસિસ્ટ લોકો દ્વારા પોતાનું ફાર્માસિસ્ટ લાયસન્સ બિન અનુભવી લોકોને ભાડે આપતો હોવાની બાબતે પાલનપુર સહિત ઉચ્ચ કક્ષાએ જાગૃત નાગરિક ધ્વરા રજૂઆત કરવામાં આવી હતી જેને લઈ આજે ધાનેરા ખાતે ફુડ ઈન્સ્પેકટર દ્વારા તપાસ હાથ ધરવામાં આવી હતી જેમાં પજેટલી મેડિકલ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી તો બીજી તરફ અન્ય મેડિકલ ધારકો પોતાની મેડિકલ બંધ કરી પલાયન થઈ ગયા હતા તંત્ર દ્વારા આવી જ રીતે તટસ્થ તપાસ હાથ ધરવામાં આવે તો ધાનેરામાં ચાલતી મેડિકલ માંથી મોટા ભાગની મેડિકલમાં લાયસન્સ ભાડે લીધેલા તેમજ ફાર્માસિસ્ટ વગર મેડિકલ ચાલતી હોવાનું સામે આવે તેવી આશંકાઓ સેવાઈ રહી છે.

**PUBLIC NOTICE**

In the Court of hon'ble Distict judge (hon'ble at Aurangabad & Member of M.A.C.T. at Aurangabad District At Aurangabad. (Maharashtra)

M.A.C.P. No. 778/2015. Next date 5.12.2020 Exh No-

Claimant-mahemuda w/o shaik Noor Mohmad and Others

VERSUS

Respondent : Rafiq Shaik s/o Yusuf Shaik

Rajesh S. Jangam Advocate.

To, Respondent : (1) Rafiq Shaik s/o Yusuf Shaik Age-Major, Occ-Driver, R/o C/o. Bayadiya Mohmmad Imran Abdul gaffur. 27, Simnayani, Park, Behind Madina Masjid, Modasa. Sabarkantha (Gujarat)

(2) Bayadiya mohmmad Imran s/o Abdul Gafrr, Age-Major, Occ-Business (owner) R/o 27, Simnayani Park, Behind Madina Masjid, Modasa, Sabarkantha (Gujarat)

Whereas the above named Claimant has filed an application Before this court throjjgh Advocate shree Rajesh S. jangam vide case M.A.C.P. No. 778/2015. Under section 140 & 166 of Motor Vehicle Act for grant of Compensation of Rs. 15,00000/-.Notice of this petition is issued to you many times and same not been served upon you, notice is return unserved to this court. you are hereby warned to appear before this court in person or by a pleader duly instructed within 30 days, after date of publishing this public notice in daily news paper, ti show cause against said application, failing which is the said application will be heard and determined Ex-parte.

Given under my hand & seal of the court this day of 20/10/2020.

Seal

J. Clark,

// By Order //

Superintendent (jud. Civil) District & Session Court Aurangabad.